# જીવનાં સાચાં માતાપિતા તો ભગવાન શ્રી સીતારામજી છે

બાળપણથી જ આપણે એક શ્લોક બોલતા આવ્યા છીએ. 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ..!' મંદિરોમાં પણ આરતી પછી ગવાતી સ્તુતિમાં આ શ્લોક સાંભળવા મળે છે. અર્થાત આપણે ગાઈએ છીએ અને સાંભળીએ પણ છીએ. તો વળી ક્યારેક કોઈને સંભળાવીએ પણ છીએ કે ભગવાન જ આપણાં સાચાં માતાપિતા છે પરંતુ વિરાટ પ્રશ્ન એ છે કે શું આપણે ખરેખર એવું માનીએ છીએ ખરા? જવાબ કદાચ 'ના'માં જ હશે! સંતો, શાસ્ત્રો, મહાપુરુષો તો જીવને વારંવાર સમજાવે છે કે ભગવાન શ્રી સીતારામજી જ તારાં સાચાં માતાપિતા છે, જેને તું તારાં માતપિતા માને છે એ તો તારાં જન્મદાતા છે- તને આ પૃથ્વી પર લાવવા માટે તેઓ નિમિત્ત બન્યાં છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીના માધ્યમ દ્વારા એ સ્પષ્ટતા કરી જ છે, આ જીવ મારો જ સનાતન અંશ છે. (15-7) પરંતુ કેવી છે આ સંબંધોની માયાજાળ! પૃથ્વી પર પદાર્પણ કર્યા પછી જીવ ભગવાન સાથેના પોતાના એ શાશ્વત અને અવિનાશી સંબંધોને ભૂલીને શરીર સાથેના સંબંધોને જ તે સાચા સંબંધો માનવા લાગે છે. જરા ગંભીરતાપૂર્વક વિચારીએ તો સમજાશે કે શરીર તો અનિત્ય છે, વિનાશી છે! શરીર નષ્ટ થઈ જતાં શરીર સાથેના તમામ સંબંધોનો પણ અંત આવી જાય છે અને જીવ નવો જન્મ પામે છે. તેને નવા જન્મદાતા મળે છે, નવું શરીર મળે છે. એ નવા શરીર વડે તે નવા સંબંધો બાંધે છે! એક દિવસ એ નવીન શરીરનો પણ અંત આવે છે, સાથે સાથે એ નવીન સંબંધોનો પણ અંત આવે છે! બસ! આ ક્રમ ચાલતો રહે છે અને દરેક જન્મે જીવ નવીન જન્મદાતા સાથે માતાપિતાનો સંબંધ બાંધતો રહે છે અને પાછલા જન્મદાતા સાથેના સંબંધો છોડતો રહે



આચમન
બિપિન પટેલ


છે!હવે પ્રશ્ન એ થાય કે અનેક જન્મોમાં અનેક નવીન જન્મદાતા માતાપિતા સાથેનો જીવનો સંબંધ સાચો કે જે

**હવે પ્રશ્ન એ થાય કે અનેક જન્મોમાં અનેક નવીન જન્મદાતા માતાપિતા સાથેનો જીવનો સંબંધ સાચો કે જે અવિનાશી પરમાત્મા સાથે તેનો સનાતન અને શાશ્વત સંબંધ છે તે સાચો? એક માત્ર પરમાત્મા જ એવા છે કે જે જીવનો સાથ કદી નથી છોડતા, હંમેશાં જીવની સાથે જ રહે છે**

અવિનાશી પરમાત્મા સાથે તેનો સનાતન અને શાશ્વત સંબંધ છે તે સાચો? એક માત્ર પરમાત્મા જ એવા છે કે જે જીવનો સાથ કદી નથી છોડતા, હંમેશાં જીવની સાથે જ રહે છે! એટલે જ તેઓ જીવનાં સાચાં માતાપિતા છે.

શ્રીરામચરિતમાનસના ઉત્તરકાંડનો એક પ્રસંગ છે. પોતાના જીવનની અંતિમ ક્ષણોમાં કપિરાજ વાલીએ પોતાના પુત્ર અંગદને ભગવાન શ્રીરામને સોંપતાં કહ્યું, ''અંગદ તમારો પુત્ર છે હવે! તમે જ તેનાં માતાપિતા છો.'' ભગવાને એ સંબંધને સ્વીકાર્યો અને નિભાવ્યો પણ! રામ-રાવણ યુદ્ધ પૂરું થયું. રાવણ મરાયો. રામ અયોધ્યાના રાજા બન્યા. રાજ્યાભિષેક પછી વિદાયની ક્ષણો આવી. શ્રીરામ એક પછી એક એમ બોલાવીને સૌને વિદાય આપવા લાગ્યા. ત્યારે અંગદનું હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું- શું મારા પ્રભુ મને પણ વિદાય કરશે? તેઓ જ તો મારાં માતાપિતા છે. તરત જ તેણે ભગવાન શ્રી રામના ચરણો પકડી લીધા અને વિનંતી કરવા લાગ્યો, તમે જ મારાં માતાપિતા! તમને છોડીને હું ક્યાં જાઉં? મોરે પ્રભુ તુમ્હ ગુરુ પિતમાતા! જાઉં કહાં તજિ પદ જલ જાતા-તમારા ચરણોને છોડીને હું ક્યાં જાઉં? જીવનું પ્રતિનિધિત્વ કરતાં જાણે અંગદ કહી રહ્યો હતો કે (જીવના) મારાં સાચાં માતાપિતા તો ભગવાન શ્રી સીતારામજી તમે જ છો. કપિરાજ વાલિની જેમ દરેક જન્મદાતા જો જીવને સમજાવતાં હોય કે ભગવાન શ્રીસીતારામજી જ તારાં સાચાં માતાપિતા છે તો કેવું?! આપણે આપણાં સાચાં માતાપિતાને ન માનવાનો અને તેમને ભૂલવાનો અપરાધ તો નથી કરી રહ્યા ને?!

## સપ્તાહના વ્રત-તહેવાર
તા. ૧ થી તા. ૭ જૂન ૨૦૨૬




**તા. ૧, સોમવાર**
અધિક જેઠ વદ એકમ

**તા. ૨, મંગળવાર**
અધિક જેઠ વદ બીજ

**તા. ૩, બુધવાર**
અધિક જેઠ વદ ત્રીજ-: સંકટ ચોથ.

**તા. ૪, ગુરુવાર**
અધિક જેઠ વદ ચોથ-:

**તા. ૫, શુક્રવાર**
અધિક જેઠ વદ પાંચમ-:

**તા. ૬, શનિવાર**
અધિક જેઠ વદ છઠ-:
પંચક પ્રારંભ સાંજે 7-05 થી

**તા. ૭, રવિવાર**
અધિક જેઠ વદ સાતમ-:
પંચક, ભાનુ સપ્તમી.

# જિંદગીથી ક્યારેય હારવું નહીં

જિંદગી જિન્દાદિલીનું નામ છે. જિંદગીમાં ઘણા ઉતાર-ચઢાવ આવે પણ ક્યારેય હારવું નહીં. મુશ્કેલીઓથી ડરવું નહીં. આજની યુવાપેઢી હતાશાથી પીડાતી જોવા મળે છે. ક્યારેક કશું ઇચ્છા મુજબ ન થયું તો નિરાશા અનુભવે છે અને એમાંથી જન્મે છે આત્મઘાતનાં કારણો.

જિંદગી એક લાંબો પંથ છે, માર્ગ છે. જે ફૂલ અને કાંટા, પહાડ અને ખળખળ વહેતાં સુંદર ઝરણાંથી ભરેલો માર્ગ છે. બસ ચાલતા રહેવું, ક્યારેક સુંદર ફૂલો આવશે, ક્યારેક કાંટાળાં ઝાડ, તો ક્યારેક પથરાળ રસ્તા અને ક્યારેક શીતળ જળનાં ઝરણાં. આ જ તો જિંદગી છે. જીવનનો રસ ખોઇ બેઠા તો બધું ગુમાવી દેશો. બાળક ચાલવાનું શીખે ત્યારે ઘણી વાર પડી જાય, પણ એનાથી એ ચાલવાનું છોડી દેતું નથી. એ ફરી પ્રયત્ન કરે પછી સફળ થાય જ છે. એ જ જિંદગી જીવવાની ચાવી છે.અમદાવાદના એક વ્યક્તિ પેન્ટર હતા. તેમના ચિત્રોનું પ્રદર્શન અમદાવાદની એક આર્ટ ગેલેરીમાં યોજાયું હતું. સુંદર પેન્ટીંગ્સ, બધા રોજ જોઈને જતા રહેતા પણ એકેય પેન્ટીંગ વેચાયું નહીં. પ્રદર્શનના છેલ્લા દિવસે ચિત્રો ઉતારવાના થોડા સમય પહેલાં એક માણસ આવે છે તે ચિત્રો જુએ છે બધાં ચિત્રો ધ્યાનથી જોઈ પેન્ટરને અભિનંદન આપે છે. એ વ્યક્તિએ ચિત્રકારને કહ્યું, ભાઈ, તમારાં ચિત્રો અદભુત છે પણ અહીં કદાચ કોઈ કદરદાન નહીં મળે, તમે મુંબઈમાં આ પ્રદર્શન કરો તો સારી કિંમતે ચિત્રો વેચાશે.

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

ચિત્રકારે મુંબઈમાં પ્રદર્શન કરવાના ખર્ચ માટે અસમર્થતા બતાવી, પેલાએ કહ્યું, મને તમારા ચિત્રોની પ્રિન્ટ અને વિગત આપો, હું ત્યાંના મારા ઓળખીતા મિત્રોને બતાવી જોઉં, ત્યાં પ્રદર્શન થાય તે માટે પણ હું કોઈને કહીશ.

ચિત્રકારે થોડાં ચિત્રો પેલા ભાઈને આપ્યાં. એ ભાઈ ગયા પછી છ મહિના સુધી કોઈ જવાબ ન મળ્યો કે, એમનો સંપર્ક જ ન થયો. ત્યારે ચિત્રકારને છેતરાયાનું લાગ્યું પણ તે હિંમત ન હાર્યા એવાં જ ચિત્રો ફરી બનાવવા માંડ્યા અને ટૂંક સમયમાં 70 જેટલાં સુંદર ચિત્રો બનાવી દીધાં. નસીબ જોગે કોઈએ એમનું પ્રદર્શન મુંબઈમાં સ્પોન્સર કર્યું અને ઘણાં ચિત્રો વેચાયાં.



**જિંદગી એક લાંબો પંથ છે, માર્ગ છે. જે ફૂલ અને કાંટા, પહાડ અને ખળખળ વહેતાં સુંદર ઝરણાંથી ભરેલો માર્ગ છે. બસ ચાલતા રહેવું, ક્યારેક સુંદર ફૂલો આવશે, ક્યારેક કાંટાળાં ઝાડ, તો ક્યારેક પથરાળ રસ્તા અને ક્યારેક શીતળ જળનાં ઝરણાં. આ જ તો જિંદગી છે જીવનનો રસ ખોઇ બેઠા તો બધું ગુમાવી દેશો**

આ સફળતા પરિશ્રમની હતી, લગનની હતી. હાર ન માનવાની હતી. જીવનમાં ઘણા પડકાર આવે તેનો સામનો હિંમતથી કરી આગળ વધતા રહેવાનું નામ જ જિંદગી છે. અટકી ગયા તો બધું મીંડું, પૂર્ણવિરામ. ચાલતા રહેશો તો રસ્તા ઉઘડતા રહેશે. ડરના મના હૈ એમ હારના ભી મના હૈ!

## સુવિચાર

"પુસ્તકથી તો હું લખતાને વાંચતા શીખી, અલ્પવિરામ અને પૂર્ણવિરામ મુકતા તો અનુભવે શીખવાડયુ..!!"